# ૧૪

# નયવાદ

**જૈન તત્ત્વજ્ઞાનની** પરિભાષાઓમાં 'નયવાદ'ની પરિભાષાનું પણ સ્થાન છે. નય પૂર્ણ સત્યની એક બાજુને જાણનારી દૃષ્ટિનું નામ છે. આવા નયના સાત પ્રકાર જૈન શાસ્ત્રોમાં પ્રાચીન સમયથી મળે છે, જેમાંના પહેલા નયનું નામ છે 'નૈગમ.'

## 'નૈગમ' શબ્દનું મૂળ અને એનો અર્થ

એ કહેવાની જરૂર નથી કે 'નૈગમ' શબ્દ 'નિગમ' ઉપરથી બન્યો છે. આ નિગમો વૈશાલીમાં હતા અને એના ઉલ્લેખો સિક્કાઓમાં પણ મળે છે. એકસરખો કારોબાર ચલાવનારી શ્રેણીવિશેષને 'નિગમ' કહે છે. એમાં એક પ્રકારની એકતા હોય છે, અને બધો સ્થૂળ વ્યવહાર એક જેવો ચાલે છે. એ જ 'નિગમ'નો ભાવ લઈને, એના ઉપરથી 'નૈગમ' શબ્દ દ્વારા જૈન પરંપરાએ એક એવી દૃષ્ટિનું સૂચન કર્યું છે કે જે સમાજમાં સ્થૂળ હોય છે, અને જેને આધારે જીવનવ્યવહાર ચાલે છે.

## બાકીના છ નયો, એનો આધાર અને એની સમજૂતી

નૈગમ પછી સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત એવા છ શબ્દો દ્વારા આ આંશિક [ –સત્યના અમુક અંશને ગ્રહણ કરતી ] વિચારસરણીઓ સૂચવવામાં આવી છે. ઉપરની છયે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દૃષ્ટિઓ જોકે તત્ત્વજ્ઞાનની સાથે સંબંધ ધરાવે છે, પણ મૂળમાં એ તે સમયના રાજ્યવ્યવહાર અને સામાજિક વ્યવહારને આધારે ફલિત કરવામાં આવી છે; એટલું જ નહીં, બલ્કે 'સંગ્રહ', 'વ્યવહાર' વગેરે ઉપર જણાવેલ શબ્દો પણ તે સમયના ભાષાપ્રયોગમાંથી લેવામાં આવ્યા છે. અનેક ગણો મળીને રાજ્યવ્યવસ્થા કે સમાજવ્યવસ્થા કરે છે, જે એક પ્રકારનો સમુદાય કે સંગ્રહ હતો, અને જેમાં ભેદમાં અભેદ દૃષ્ટિનું પ્રાધાન્ય રહેતું હતું. તત્ત્વજ્ઞાનના 'સંગ્રહ' નયના અર્થમાં પણ એ જ ભાવ છે. વ્યવહાર ભલે રાજકીય હોય કે સામાજિક, પણ એ જુદી જુદી વ્યક્તિઓ કે જુદાં જુદાં જૂથો દ્વારા જ સિદ્ધ થાય છે. તત્ત્વજ્ઞાનના 'વ્યવહાર' નયમાં પણ ભેદ એટલે વિભાજનનો જ ભાવ મુખ્ય છે. વૈશાલીમાંથી મળેલા સિક્કાઓ ઉપરથી આપણે જાણી શકીએ છીએ કે 'વ્યાવહારિક' અને 'વિનિશ્ચય મહામાત્ય'ની જેમ 'સૂત્રધાર' પણ એક પદ–હોદ્દો હતો. મારા માનવા પ્રમાણે, સૂત્રધારનું કામ એ જ હોવું જોઈએ જે જૈન તત્ત્વજ્ઞાનના 'ઋજુસૂત્ર' નયથી કહેવા ધાર્યું છે. 'ઋજુસૂત્ર' નયનો અર્થ છે–આગળ પાછળની (ભૂત-ભવિષ્યની) ગલીકૂંચીમાં ન જતાં કેવળ વર્તમાનનો જ વિચાર કરવો. સંભવ છે, સૂત્રધારનું કામ પણ કંઈક એવું જ હોય કે જે સવાલો ઊભા થાય એનું તરત જ નિરાકરણ કરવામાં આવે. દરેક સમાજમાં, સંપ્રદાયમાં અને રાજ્યમાં પણ વિશિષ્ટ પ્રસંગોએ શબ્દ અર્થાત્ આજ્ઞાને જ પ્રાધાન્ય આપવું પડે છે; જ્યારે બીજી રીતે મામલો થાળે પડતો ન હોય ત્યારે કોઈ એક વ્યક્તિનો શબ્દ–આજ્ઞા જ અંતિમ પ્રમાણ માનવામાં આવે છે. શબ્દના આ મુખ્યપણાનો ભાવ, બીજે રૂપે, 'શબ્દ' નયમાં સમાયેલો છે. ખુદ બુદ્ધે જ કહ્યું છે કે લિચ્છવીગણો જૂના રીતરિવાજોનો અર્થાત્ રૂઢિઓનો આદર કરે છે. કોઈ પણ સમાજ પ્રચલિત રૂઢિઓનું સર્વથા ઉન્મૂલન કરીને જીવી નથી શકતો. 'સમભિરૂઢ' નયમાં રૂઢિના અનુસરણનો ભાવ તાત્ત્વિક દૃષ્ટિએ ઘટાવ્યો છે. સમાજ, રાજ્ય અને ધર્મની અને વ્યવહારને લગતી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્થૂળ વિચારસરણી કે વ્યવસ્થા ગમે તેવી કેમ ન હોય, પણ એમાં જો સત્યની પારમાર્થિક દૃષ્ટિ ન હોય તો એ નથી જીવી શકતી કે નથી પ્રગતિ સાધી શકતી. 'એવંભૂત' નય એ જ પારમાર્થિક દૃષ્ટિનો સૂચક છે, જે તથાગતના 'તથા' શબ્દમાં કે પાછળના મહાયાનના 'તથતા' શબ્દમાં રહેલી છે. જૈન પરંપરામાં પણ 'તહત્તિ' શબ્દ એ જ યુગથી અત્યાર સુધી પ્રચલિત છે, જે એટલું જ સૂચિત કરે છે કે અમે સત્ય જેવું છે તેવું જ સ્વીકારીએ છીએ.

[ દઔચિં૦ ખં૦ ૧, પૃ૦ ૫૮-૬૦ ]

**અપેક્ષાઓ અને અનેકાન્ત**

મકાન કોઈ એક ખૂણામાં પૂરું નથી થતું; એના અનેક ખૂણા પણ કોઈ એક જ દિશામાં નથી હોતા. પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ વગેરે એકબીજાથી વિરુદ્ધ દિશામાં આવેલ એક એક ખૂણામાં ઊભા રહીને કરવામાં આવેલું એ મકાનનું અવલોકન પૂર્ણ તો નથી હોતું, પણ એ અયથાર્થ પણ નથી હોતું. જુદા જુદા સંભવિત બધાય ખૂણાઓમાં ઊભા રહીને કરવામાં આવેલાં સંભવિત અવલોકનોનો સારસમુચ્ચય જ એ મકાનનું પૂર્ણ અવલોકન છે. દરેક ખૂણામાંથી કરવામાં આવેલું દરેક અવલોકન એ પૂર્ણ અવલોકનનું અનિવાર્ય અંગ છે. એ જ પ્રમાણે કોઈ એક વસ્તુ કે સમગ્ર વિશ્વનું તાત્ત્વિક ચિંતન-દર્શન પણ અનેક અપેક્ષાઓથી થઈ શકે છે. મનની સહજ રચના, એના ઉપર પડનારા આગંતુક સંસ્કારો અને ચિંત્ય વસ્તુનું સ્વરૂપ વગેરેના સમ્મેલનથી જ અપેક્ષા જન્મે છે. આવી અપેક્ષાઓ અનેક હોય છે, જેનો આશ્રય લઈને વસ્તુનો વિચાર કરવામાં આવે છે. વિચારને આધાર આપવાને કારણે કે વિચારપ્રવાહના ઉદ્ગમનો આધાર બનવાને લીધે એ જ અપેક્ષાઓ દૃષ્ટિકોણ કે દૃષ્ટિબિંદુ પણ કહેવાય છે. સંભવિત બધી અપેક્ષાઓથી—ભલે પછી એ વિરુદ્ધ જ કેમ ન દેખાતી હોય—કરવામાં આવતાં ચિંતન અને દર્શનોનો સાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમુચ્ચય જ એ વિષયનું પૂર્ણ–અનેકાંત–દર્શન છે. અપેક્ષામાંથી ઉદ્ભવતું દરેક દર્શન એ પૂર્ણ દર્શનનું એક એક અંગ છે, જે પરસ્પર વિરુદ્ધ હોવા છતાં, પૂર્ણ દર્શનમાં એનો સમન્વય થતો હોવાને કારણે, ખરી રીતે અવિરુદ્ધ જ છે.

**સાત નયોનું કાર્યક્ષેત્ર**

જ્યારે કોઈની મનોવૃત્તિ વિશ્વમાં રહેલા બધાય ભેદોને—ભલે પછી એ ભેદો ગુણથી, ધર્મથી કે સ્વરૂપથી થયેલા હોય અથવા વ્યક્તિત્વને કારણે થયા હોય—ભુલાવીને અર્થાત્ એ ભેદો તરફ ઝૂક્યા વગર જ એક માત્ર અખંડતાનો વિચાર કરે છે, ત્યારે એને અખંડ કે એક જ વિશ્વનું દર્શન થાય છે. અભેદની એ ભૂમિકામાંથી નિષ્પન્ન થતા 'सत्' શબ્દના એકમાત્ર અખંડ અર્થનું દર્શન, એ જ 'સંગ્રહ' નય છે. ગુણ-ધર્મકૃત કે વ્યક્તિત્વકૃત ભેદો તરફ ઝૂકનારી મનોવૃત્તિથી કરવામાં આવતું વિશ્વનું દર્શન 'વ્યવહાર'નય કહેવાય છે, કારણ કે લોકસિદ્ધ વ્યવહારોની ભૂમિકારૂપે ભેદોનું ખાસ સ્થાન છે. આ દર્શનથી 'सत्' શબ્દની મર્યાદા અખંડિત ન રહેતાં અનેક ખંડોમાં વહેંચાઈ જાય છે. એ જ ભેદ કરનારી મનોવૃત્તિ કે અપેક્ષા કેવળ કાળકૃત ભેદો તરફ ઝૂકીને, કાર્યક્ષમ હોવાને લીધે, જ્યારે ફક્ત વર્તમાનને જ 'सत्' રૂપ જુએ છે, અને ભૂતકાળ અને ભવિષ્યકાળને 'सत्' શબ્દની વ્યાખ્યામાંથી દૂર કરે છે, ત્યારે એનાથી ફલિત થતું વિશ્વદર્શન 'ઋજુસૂત્ર' નય છે, કેમ કે એ ભૂત અને ભવિષ્યના ચક્રાવાને છોડી દઈને ફક્ત વર્તમાનની સીધી લીટી ઉપર ચાલે છે.

ઉપર જણાવેલી ત્રણે પ્રકારની મનોવૃત્તિઓ એવી છે કે જે શબ્દ કે શબ્દના ગુણ–ધર્મોનો આશ્રય લીધા વિના જ કોઈ પણ વસ્તુનું ચિંતન કરે છે. તેથી જ એ ત્રણે પ્રકારનું ચિંતન 'અર્થનય' કહેવાય છે. પણ એવી પણ મનોવૃત્તિ હોય છે કે જે શબ્દના ગુણ–ધર્મોનો આશ્રય લઈને જ અર્થનો વિચાર કરે છે. તેથી જ આવી મનોવૃત્તિથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ફલિત થતા અર્થચિંતનને 'શબ્દનય' કહે છે. શબ્દશાસ્ત્રીઓ–વૈયાકરણો જ મુખ્યત્વે શબ્દનયના અધિકારી છે, કેમ કે એમનાં જ જુદાં જુદાં દૃષ્ટિબિંદુઓથી શબ્દનયમાં વિવિધતા આવી છે.

જે શબ્દશાસ્ત્રીઓ બધાય શબ્દોને અખંડ અર્થાત્ અવ્યુત્પન્ન માને છે તેઓ વ્યુત્પત્તિભેદે અર્થભેદ ન માનવા છતાં લિંગ, પુરુષ, કાળ વગેરે જુદી જુદી જાતના શબ્દધર્મોના આધારે અર્થનું વૈવિધ્ય દર્શાવે છે. એમનું એ પ્રકારે અર્થભેદનું દર્શન 'શબ્દ'નય કે 'સાંપ્રત'નય છે. દરેક શબ્દને વ્યુત્પત્તિસિદ્ધ જ માનવાવાળી મનોવૃત્તિથી વિચાર કરનારા શાબ્દિકો પર્યાયના—અર્થાત્ એકાર્થક સમજવામાં આવતા શબ્દોના—અર્થમાં પણ વ્યુત્પત્તિભેદે ભેદ માને છે. શક્ર, ઇંદ્ર વગેરે જેવા પર્યાયવાચી શબ્દોના અર્થભેદનું એમણે કરેલું એ દર્શન 'સમભિરૂઢ' નય કહેવાય છે. વ્યુત્પત્તિના ભેદે જ નહીં, બલ્કે એક જ વ્યુત્પત્તિથી ફલિત થતા અર્થની હયાતી અને ગેરહયાતીના ભેદને લીધે પણ જે દર્શન અર્થભેદ માને છે, એને 'એવંભૂત' નય કહે છે. આ તાર્કિક છ નયો ઉપરાંત એક 'નૈગમ' નામનો નય પણ છે, જેમાં નિગમ અર્થાત્ દેશની રૂઢિ પ્રમાણે અભેદગામી અને ભેદગામી બધા પ્રકારના વિચારોનો સમાવેશ માનવામાં આવ્યો છે. મુખ્યત્વે આ જ સાત નય છે. પણ કોઈ એક અંશને અર્થાત્ દૃષ્ટિબિંદુને લઈને પ્રવૃત્ત થતા બધી જાતના વિચાર તે તે અપેક્ષાને સૂચિત કરતા નયો જ છે.

## દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નય

શાસ્ત્રમાં દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક એવા બે નય પણ પ્રસિદ્ધ છે. પણ એ નયો ઉપર જણાવેલ સાત નયોથી જુદા નથી, પરંતુ એમનું જ ટૂંકું વર્ગીકરણ કે ભૂમિકા માત્ર છે. દ્રવ્ય અર્થાત્ સામાન્ય, અન્વય, અભેદ કે એકત્વને અનુલક્ષીને કરવામાં આવતો વિચાર એ દ્રવ્યાર્થિક નય છે. નૈગમ, સંગ્રહ અને વ્યવહાર, એ ત્રણે દ્રવ્યાર્થિક જ છે. આમાંથી સંગ્રહ તો શુદ્ધ અભેદનો વિચાર કરનાર હોવાથી શુદ્ધ કે મૂળ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દ્રવ્યાર્થિક જ છે, જ્યારે વ્યવહાર અને નૈગમની પ્રવૃત્તિ ભેદગામી હોવા છતાં પણ કોઈ ને કોઈ પ્રકારના અભેદને પણ અવલંબીને જ ચાલે છે. એટલા માટે એને પણ દ્રવ્યાર્થિક જ માનવામાં આવ્યા છે. અલબત્ત, એ સંગ્રહ નયની જેમ શુદ્ધ નહીં પણ અશુદ્ધ–મિશ્રિત દ્રવ્યાર્થિક જ છે.

પર્યાય એટલે વિશેષ, વ્યાવૃત્તિ કે ભેદને જ અનુલક્ષીને પ્રવૃત્ત થતો વિચારમાર્ગ પર્યાયાર્થિક નય છે. 'ઋજુસૂત્ર' વગેરે બાકીના ચારે નયને પર્યાયાર્થિક જ ગણવામાં આવ્યા છે. અભેદને છોડીને એક માત્ર ભેદનો વિચાર ઋજુસૂત્રનયથી શરૂ થાય છે, તેથી એને જ શાસ્ત્રમાં પર્યાયાર્થિક નયની પ્રકૃતિ કે મૂળ આધાર કહેલ છે. પાછલા ત્રણ નયો એ જ મૂળભૂત પર્યાયાર્થિકના એક રીતે વિસ્તાર માત્ર છે.

ફક્ત જ્ઞાનને ઉપયોગી માનીને એને આધારે પ્રવૃત્ત થતી વિચાર-ધારાને જ્ઞાનનય કહે છે, તો ફક્ત ક્રિયાને આધારે પ્રવૃત્ત થતી વિચાર-ધારા ક્રિયાનય છે. નયરૂપી આધારસ્તંભો અપાર હોવાથી વિશ્વનું પૂર્ણ દર્શન–અનેકાંત પણ નિઃસીમ છે.

[દઔચિં૦ ખં૦ ૨, પૃ૦ ૧૭૦-૧૭૨]

## નિશ્ચય અને વ્યવહારનયનો અન્ય દર્શનોમાં સ્વીકાર

જૈન પરંપરામાં નિશ્ચય અને વ્યવહારનય પ્રસિદ્ધ છે. વિદ્વાનો જાણે છે કે આ જ નયવિભાગની આધારભૂત દૃષ્ટિનો સ્વીકાર અન્ય દર્શનોમાં પણ કરવામાં આવ્યો છે. બૌદ્ધ દર્શન ઘણા પ્રાચીન સમયથી પરમાર્થ અને સંવૃતિ, એ બે દૃષ્ટિઓનું નિરૂપણ કરતું આવ્યું છે. શાંકર વેદાંતની પારમાર્થિક તથા વ્યાવહારિક કે માયિક દૃષ્ટિ પ્રસિદ્ધ છે. આ રીતે જૈન–જૈનેતર દર્શનોમાં પરમાર્થ કે નિશ્ચય અને સંવૃતિ કે વ્યવહારદૃષ્ટિનો સ્વીકાર કરવામાં આવ્યો છે, પણ એ દર્શનોમાં એ બે દૃષ્ટિઓનું કરવામાં આવેલું તત્ત્વનિરૂપણ સાવ જુદું જુદું છે. જોકે જૈનેતર બધાંય દર્શનોમાં નિશ્ચયદૃષ્ટિસંમત તત્ત્વનિરૂપણ એક નથી, તોપણ બધાંય મોક્ષલક્ષી દર્શનોમાં નિશ્ચયદૃષ્ટિસંમત આચાર અને ચારિત્ર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તો એક જ છે—ભલે પછી એનાં પરિભાષા, વર્ગીકરણ વગેરે જુદાં હોય. અહીં તો જોવાનું એ છે કે જૈન પરંપરામાં નિશ્ચય અને વ્યવહારરૂપે જે બે દૃષ્ટિઓ માનવામાં આવી છે, એ તત્ત્વજ્ઞાન અને આચાર, એ બન્ને ક્ષેત્રોને લાગુ પાડવામાં આવી છે. બીજાં બધાંય ભારતીય દર્શનોની જેમ જૈન દર્શનમાં પણ તત્ત્વજ્ઞાન અને આચાર એ બન્નેનો સમાવેશ થાય છે.

**તત્ત્વજ્ઞાન અને આચારમાં એની ભિન્નતા**

જ્યારે નિશ્ચય અને વ્યવહારનયનો પ્રયોગ તત્ત્વજ્ઞાન અને આચાર બન્નેમાં થાય છે, ત્યારે સામાન્ય રૂપે શાસ્ત્રચિંતન કરનારને એ ભેદ નથી સમજાતો કે તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં કરવામાં આવતો નિશ્ચય અને વ્યવહારનો પ્રયોગ આચારના ક્ષેત્રમાં કરવામાં આવતા એવા પ્રયોગથી ભિન્ન છે અને ભિન્ન પરિણામનો સૂચક પણ છે. તત્ત્વજ્ઞાનની નિશ્ચય-દૃષ્ટિ અને આચાર સંબંધી નિશ્ચયદૃષ્ટિ એ બન્ને એક નથી. એ બન્નેની વ્યવહારદૃષ્ટિના સંબંધમાં પણ એમ જ સમજવું. એનું સ્પષ્ટી-કરણ આ પ્રમાણે છે :

**તત્ત્વલક્ષી નિશ્ચય અને વ્યવહારદૃષ્ટિ**

જ્યારે નિશ્ચયદૃષ્ટિથી તત્ત્વના સ્વરૂપનું પ્રતિપાદન કરવું હોય તો એની મર્યાદામાં ફક્ત એ જ વાત આવવી જોઈએ કે જગતનાં મૂળ-તત્ત્વ કયાં છે? કેટલાં છે? અને એમનું ક્ષેત્ર-કાલ વગેરેથી નિરપેક્ષ સ્વરૂપ શું છે? અને જ્યારે વ્યવહારદૃષ્ટિએ તત્ત્વનિરૂપણ કરવું હોય ત્યારે એ જ મૂળ તત્ત્વોના સ્વરૂપનું દ્રવ્ય, ક્ષેત્ર, કાળ વગેરેની અપેક્ષાએ પ્રતિપાદન કરવામાં આવે છે. આ રીતે આપણે નિશ્ચયદૃષ્ટિનો ઉપયોગ કરીને જૈન દર્શનસંમત તત્ત્વોનું સ્વરૂપ કહેવા ઇચ્છીએ તો ટૂંકમાં એમ કહી શકીએ કે ચેતન અને અચેતન એવા પરસ્પર અત્યન્ત વિજાતીય એવાં બે તત્ત્વ છે. બન્ને એકબીજા ઉપર અસર કરવાની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શક્તિ પણ ધરાવે છે. ચેતનનો સંકોચ-વિસ્તાર દ્રવ્ય, ક્ષેત્ર, કાલ વગેરેની અપેક્ષાએ હોવાથી એ વ્યવહારદૃષ્ટિથી સિદ્ધ છે. અચેતન પુદ્ગલનું પરમાણુરૂપત્વ કે એકપ્રદેશાવગાહ્યત્વ, એ નિશ્ચયદૃષ્ટિનો વિષય છે; જ્યારે એનું સ્કંધરૂપે પરિણમવું અથવા પોતાના ક્ષેત્રમાં બીજા અનન્ત પરમાણુ અને સ્કંધોને અવકાશ આપવો એ વ્યવહારદૃષ્ટિનું નિરૂપણ છે.

## આચારલક્ષી નિશ્ચય અને વ્યવહારદૃષ્ટિ

પરંતુ આચારલક્ષી નિશ્ચય અને વ્યવહારદૃષ્ટિનું નિરૂપણ જુદી રીતે થાય છે. જૈન દર્શન મોક્ષને પરમ પુરુષાર્થ માનીને એ દૃષ્ટિએ જ આચારની ગોઠવણ કરે છે. તેથી જે આચારો સીધેસીધા મોક્ષલક્ષી છે એ જ નિશ્ચય આચાર છે. આ આચારમાં દૃષ્ટિભ્રમ ( મિથ્યાદૃષ્ટિ ) અને કાષાયિક વૃત્તિઓના નિર્મૂલીકરણનો જ સમાવેશ થાય છે. પણ વ્યાવહારિક આચાર આવો એકરૂપ નથી. નિશ્ચયદૃષ્ટિના આચારની ભૂમિકામાંથી નિષ્પન્ન થયેલા એવા ભિન્ન ભિન્ન દેશ, કાલ, જાતિ, સ્વભાવ, રુચિ વગેરે પ્રમાણે ક્યારેક ક્યારેક પરસ્પર વિરુદ્ધ દેખાતા પણ આચારો વ્યાવહારિક આચારકોટીમાં ગણાય છે. નિશ્ચયદૃષ્ટિના આચારની ભૂમિકામાં રહેલ એક જ વ્યક્તિ અનેક પ્રકારના વ્યાવહારિક આચારોમાંથી પસાર થાય છે. આ રીતે આપણે જોઈએ છીએ કે આચારલક્ષી નિશ્ચયદૃષ્ટિ કે વ્યવહારદૃષ્ટિ મુખ્યત્વે મોક્ષની દૃષ્ટિએ જ વિચાર કરે છે; જ્યારે તત્ત્વનિરૂપક નિશ્ચય કે વ્યવહારદૃષ્ટિ ફક્ત જગતના સ્વરૂપને અનુલક્ષીને પ્રવૃત્ત થાય છે.

## તત્ત્વલક્ષી અને આચારલક્ષી નિશ્ચય-વ્યવહારદૃષ્ટિ વચ્ચે બીજું મહત્ત્વનું અંતર

તત્ત્વજ્ઞાન અને આચારલક્ષી આ બન્ને નયો વચ્ચે એક બીજું પણ મહત્ત્વનું અંતર છે, જે ધ્યાન આપવા જેવું છે. નિશ્ચયદૃષ્ટિ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંમત તત્ત્વોનું સ્વરૂપ આપણે બધા સામાન્ય જિજ્ઞાસુઓ ક્યારેય પ્રત્યક્ષ કરી નથી શકતા. જે વ્યક્તિએ તત્ત્વસ્વરૂપનો સાક્ષાત્કાર કર્યો હોય એવી કોઈ વ્યક્તિના કથન ઉપર શ્રદ્ધા રાખીને જ આપણે એવા સ્વરૂપને માનીએ છીએ. પણ આચારની બાબતમાં એવું નથી. કોઈ પણ જાગરૂક સાધક પોતાની આંતરિક સત્-અસત્ વૃત્તિઓને અને એની તીવ્રતા-મંદતાના તારતમ્યને સીધેસીધાં વિશેષ પ્રત્યક્ષરૂપે જાણી શકે છે; જ્યારે બીજી વ્યક્તિને માટે પહેલી વ્યક્તિની વૃત્તિઓ સર્વથા પરોક્ષ છે. નિશ્ચયદૃષ્ટિ હોય કે વ્યવહારદૃષ્ટિ, તત્ત્વજ્ઞાનનું સ્વરૂપ તે તે દર્શનના બધાય અનુયાયીઓને માટે એકસરખું હોય છે, તેમ જ એ એકસરખી પરિભાષાથી બંધાયેલું હોય છે. પણ નિશ્ચયદૃષ્ટિ અને વ્યવહારદૃષ્ટિએ આચારનું સ્વરૂપ એવું નથી હોતું. પ્રત્યેક વ્યક્તિનો નિશ્ચયદૃષ્ટિનો આચાર એને માટે પ્રત્યક્ષ છે. આ અલ્પ વિવેચનથી ફક્ત એટલું જ સૂચિત કરવાનું છે કે નિશ્ચયનય અને વ્યવહારનય, આ બે શબ્દો ભલે સમાન હોય, પણ તત્ત્વજ્ઞાન અને આચારના ક્ષેત્રમાં એ જુદી જુદી દૃષ્ટિએ લાગુ થાય છે, અને આપણને જુદાં જુદાં પરિણામો તરફ દોરી જાય છે.

### જૈન અને ઉપનિષદના તત્ત્વજ્ઞાનની નિશ્ચયદૃષ્ટિ વચ્ચે ભેદ

નિશ્ચયદૃષ્ટિએ જૈન તત્ત્વજ્ઞાનની ભૂમિકા ઉપનિષદના તત્ત્વજ્ઞાનથી સાવ જુદી છે. પ્રાચીન મનાતાં બધાં ઉપનિષદ સત્, અસત્, આત્મા, બ્રહ્મ, અવ્યક્ત, આકાશ વગેરે ભિન્ન ભિન્ન નામોથી જગતના મૂળનું નિરૂપણ કરીને કેવળ એક જ નિષ્કર્ષ ઉપર પહોંચે છે કે જગત જડ, ચેતન વગેરે રૂપે ગમે તેવું નાનારૂપ કેમ ન હોય, પણ એના મૂળમાં અસલી તત્ત્વ તો કેવળ એક જ છે; જ્યારે જૈન દર્શન જગતના મૂળમાં કોઈ એક તત્ત્વનો સ્વીકાર નથી કરતું; ઊલટું પરસ્પર વિજાતીય એવાં સ્વતંત્ર બે તત્ત્વોનો સ્વીકાર કરીને, એને આધારે વિશ્વની વિવિધતાની વ્યવસ્થા કરે છે. ચોવીસ તત્ત્વ માનનાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાંખ્યદર્શન અને શાંકર વગેરે વેદાંતશાખાઓ સિવાયના ભારતીય દર્શનોમાં એવું કોઈ દર્શન નથી જે જગતના મૂળરૂપે ફક્ત એક જ તત્ત્વનો સ્વીકાર કરતું હોય. ન્યાય-વૈશેષિક હોય કે પચીસ તત્ત્વ માનનાર સાંખ્ય-યોગ હોય કે પૂર્વમીમાંસા હોય, બધા પોતપોતાની ઢબે જગતના મૂળમાં અનેક તત્ત્વોનો સ્વીકાર કરે છે. એથી જ સ્પષ્ટ છે કે જૈન તત્ત્વચિંતનની પ્રકૃતિ ઉપનિષદના તત્ત્વચિંતનની પ્રકૃતિથી સર્વથા ભિન્ન છે.

[દઔચિં૦ ખં૦ ૨, પૃ૦ ૪૯૮–૫૦૦]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org